24 કલાકમાં 12 જગ્યાએ હોટફિક્સ સળગ્યું: 500 કરોડથી વધુના ઈજારા માટે દાવપેચ

ખજોદની જેમ હોટફિક્સને 'સળગાવાયું'

ખજોદ ડિસ્પોઝલ સાઇટમાં નવી એજન્સી ગોઠવવા કચરા કૌભાંડ બાદ કારસો રચાયો હતો

હવે હોટફિક્સ વેસ્ટમાં પણ માનીતી એજન્સી ગોઠવવા પ્રિ-પ્લાન આગ લગાવાતી હોવાની શંકા

સુરતઃ મનપા માટે હોટફિક્સ પ્લાસ્ટિકનો કચરો માથાનો દુખાવો બન્યો છે કે પછી આ કચરો હવે કરોડોની 'મલાઈ'વાળા ઈજારાની જમીન તૈયાર કરવાનું માધ્યમ બની રહ્યો છે? શહેરમાં અચાનક હોટફિક્સ વેસ્ટને લઈને મચેલા ઉહાપોહ અને તેની સાથે જ કચરાના ઢગલાઓમાં વધી રહેલી આગની ઘટનાઓએ અનેક સવાલો ઊભા કર્યા છે. મનપા હોટફિક્સ કચરાના નિકાલ માટે નવી નીતિ બનાવે તો અંદાજે 500 કરોડથી વધુનું ટેન્ડર બહાર પડવાની શક્યતા વચ્ચે શાસકો અને તંત્ર પર દબાણ ઊભું કરવા માટે જાણે પ્રિ-પ્લાન મુજબ વાતાવરણ ઊભું કરાઈ રહ્યું હોય તેવી ચર્ચા શરૂ થઈ છે. જે રીતે ખજોદ ગાર્બેજ ડિસ્પોઝલ સાઈટના વિવાદ અને કચરાના બારોબાર નિકાલના કૌભાંડ બાદ ત્યાં આગના બનાવો વધ્યા હતા. હવે હોટફિક્સ વેસ્ટમાં પણ એ જ પેટર્ન દેખાતો હોવાની ચર્ચાએ શંકાને વધુ ઘેરી બનાવી છે. આગ લાગી રહી છે કે લગાવવામાં આવી રહી છે અને કોઈ ચોક્કસ એજન્સીને કરોડોનો ઈજારો અપાવવા તખ્તો ગોઠવાઈ રહ્યો છે? તેવા સવાલો ઊઠ્યા છે. અચાનક જ શાસક-વિપક્ષના નગરસેવકોથી લઈને ધારાસભ્યો હોટફિક્સ વેસ્ટના નિકાલ માટે નીતિ બનાવવાની માંગ કરી રહ્યા છે, તો બીજી તરફ માત્ર 24 કલાકમાં 12 સ્થળે આગના કોલ નોંધાયા હોવાથી હવે અનેક સવાલો ઉઠી રહ્યા છે.

હોટફિક્સ મુદ્દે 'આપ'ની પલટી પર સવાલ: પહેલાં ખાતાં બંધ કરવાની હવે કચરો ઉઠાવવાની માંગ

મેયરના ઘર બહાર કચરો ઠાલવી વિરોધ કરનાર 'આપ' હવે નાનાં યુનિટ્સની આડમાં કચરા નિકાલ માટે ચોક્કસ વ્યવસ્થા-એજન્સીની માંગે સોરઠિયાએ મનપા પર રોજગાર છીનવવાનો આક્ષેપ કર્યો હતો તેમજ હોટફિક્સનાં ખાતાં સામે કાર્યવાહી કરવા ગયેલા મનપાના અધિકારીઓનો વિરોધ કરવા આપના નગરસેવકો અને નેતાઓ પહોંચી ગયા હતા. હોટફિક્સ કચરાના મુદ્દે સુરત મનપાની કાર્યવાહી વચ્ચે આમ આદમી પાર્ટીના વલણમાં આવેલા બદલાવને લઈને પણ સવાલો ઊઠવા લાગ્યા છે. થોડા દિવસ પહેલાં 'આપ' દ્વારા મેયરના નિવાસસ્થાન બહાર હોટફિક્સનો કચરો ઠાલવી હોટફિક્સનાં ખાતાં બંધ કરવાની માંગ સાથે વિરોધ કરવામાં આવ્યો હતો. હવે એ જ મુદ્દે પક્ષના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાએ નાનાં યુનિટ્સ અને વેપારીઓનો માલ જપ્ત-સીઝ કરવાની કાર્યવાહી સામે વિરોધ કરી રોજગારી બચાવવા હોટફિક્સ કચરાના નિકાલની નક્કર વ્યવસ્થા કરવાની માંગ કરી છે. સોરઠિયાએ ભાજપ શાસકો પર પ્રહાર કરતા આક્ષેપ કર્યો કે, મનપા કચરો ઉપાડવામાં નિષ્ફળ રહી છે અને હવે સુરતની મહિલાઓના ગૃહઉદ્યોગો બંધ કરાવી રોજગારી છીનવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. બહારથી આવતો સામાન રોકવામાં નિષ્ફળ તંત્ર નાના વેપારીઓ સામે કાર્યવાહી કરી રહ્યું હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો. કચરા નિકાલના મુદ્દે 'આપ'ની આ પલટી પાછળ ખરેખર જનહિત છે કે અન્ય કોઈ ગણિત, તે સવાલ પણ ઊઠી રહ્યો છે.

હીરાબાગ પાસે બ્રિજ નીચે હોટફિક્સમાં આગથી લાખોનું નુકસાન: પોલીસ ફરિયાદ દાખલ કરાઈ

હોટફિક્સના વેસ્ટમાં આગ લગાવવામાં આવી રહી હોવાની ચર્ચા વચ્ચે વરાછા હીરાબાગ બ્રિજ નિચે હોટફિક્સ પ્લાસ્ટિક વેસ્ટમાં લાગેલી આગને કારણે બ્રિજને નુકસાન થયું હોવાથી કસૂરવાર સામે ફરિયાદ દાખલ કરવાની તજવીજ મનપા દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. કારણ કે, બ્રિજના બેરિંગ કોટને ભારે નુકસાન થયું હતું. અંદાજે 10 લાખથી વધુનો ખર્ચ રિપેરિંગ પાછળ થાય તેવી શક્યતા જોવાઈ રહી છે. સરકારી મિલકતને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાથી કસૂરવારો સામે પોલીસ ફરિયાદ કરવાની સૂચના મનપાના બ્રિજ સેલ વિભાગને આપવામાં આવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળે છે.

ત્રણ દિવસમાં શહેરમાં 2045 ખાતાં બંધ કરાવાયાં

- ઈસ્ટ ઝોન 1338
- નોર્થ ઝોન 281
- લિંબાયત ઝોન 279
- સરથાણા ઝોન 133
- વેસ્ટ ઝોન 23
- કુલ 2054

હોટફિક્સ વેસ્ટ ઉઠાવતી ઇજારદાર એજન્સીએ કામ બંધ કરી મનપાનું નાક દબાવ્યું

સુરત મનપા દ્વારા 2015માં પહેલા એન વિઝન એન્વાયરો એન્જિનિયરિંગનું ટેન્ડર મંજૂર થતાં તેમની લીગલ કંપની ઇકો વિઝન એન્વાયરોમેન્ટલ રિસોર્સિસ નામની એજન્સીને પ્લાસ્ટિક વેસ્ટ ઉઠાવવાનું કામ સોંપ્યું હતું. હજુ તેને થોડા સમય પહેલાં જ હોટફિક્સનો વેસ્ટ ઉઠાવવા માટે પૂર્વ કમિશનર નાગરાજનના આદેશથી કામ સોંપાયું હતું. જોકે, આ એજન્સીએ હવે હોટફિક્સ ઉઠાવવાનું બંધ કરી દેતાં રસ્તા પર હોટફિક્સ વેસ્ટના ઢગલા થવા માંડ્યા અને ઉહાપોહ થયો છે. મનપા દ્વારા હજુ પણ રોજેરોજ હોટફિક્સનો વેસ્ટ ઉઠાવાય છે, પરંતુ તેમાં પનો ટૂંકો પડે છે. જ્યારે ઇકો વિઝન એજન્સીને પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપથી કામ કરવાના કરાર થયા હતા. એટલે તેમાં મનપાએ એજન્સીને પ્લાન્ટ નાંખવા માટે જગ્યા સિવાય કોઇ આર્થિક વળતર આપવાનું થતું નહોતું. જોકે, એજન્સીએ પણ મોકો જઇને હાથ અધ્ધર કરી દીધા હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના પણ કરોડોના ઇજારા માટે સ્ટેન્ડ તૈયાર કરવાના ભાગરૂપે જોવાઇ રહી છે.

સોમવારે વધુ 4 જગ્યા સહિત 24 કલાકમાં 12 જગ્યાએ આગ લાગી

1. અશ્વિનીકુમાર ફૂલ માર્કેટ પાસે : રાત્રે 12 વાગ્યે
2. વરાછા હીરાબાગ, રામનગર પાસે : રાત્રે 12:45 વાગ્યે
3. બોમ્બે માર્કેટ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પાસે : વહેલી સવારે 4 વાગ્યે
4. મોટા વરાછા, દુખિયાના દરબાર પાસે : વહેલી સવારે 5:20 વાગ્યે
5. લિંબાયત ઝોન ઓફિસ પાસે : સવારે 6 વાગ્યે
6. કામરેજ ચાર રસ્તા પાસે : સવારે 8 વાગ્યે
7. અમરોલી, રામદેવના પાળા પાસે : સવારે 10 વાગ્યે
8. પુણાગામ, દીપમાલા સોસાયટી પાસે : બપોરે 3:30 વાગ્યે
9. વરાછા L.H. રોડ, લાભેશ્વર પોલીસ ચોકી પાસે, જગદીશનગર : રવિવારે રાત્રે, આગમાં બે મોપેડ બળી ગઈ
10. પુણાગામ, સીતાનગર-ગાયત્રીનગર, બુટભવાની રોડ : મોડી રાત્રે; આગમાં બે કાર બળી ગઈ
11. સીતાનગર-ગાયત્રીનગર, બુટભવાની રોડ : સવારે ફરી 7:45 વાગ્યે એ જ સ્થળે ફરી આગ
12. વરાછા, અર્યના સ્કૂલ-બોમ્બે માર્કેટ રોડ, ક્રિએશન પ્લાઝા પાસે : હોટફિક્સ કચરામાં આગ

વરાછામાં એકમો સીલ કરવા સામે ધારાસભ્ય કિશોર કાનાણીની કમિશનરને રજૂઆત

વરાછા રોડના ધારાસભ્ય કિશોર કાનાણી (કુમાર)એ મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી એકમો સીલ ન કરવા રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું કે, યુનિટ્સ સીલ કરીને લાખો લોકોની રોજગારી છીનવવી યોગ્ય નથી. તંત્ર સીલ મારવાના બદલે ડોર-ટુ-ડોર અથવા ખાસ વેસ્ટ કલેક્શન વાહનની વ્યવસ્થા કરી કચરાના યોગ્ય નિકાલ માટે નીતિવિષયક નિર્ણય લે.

પુણા-સીતાનગરમાં હોટફિક્સ શીટના ગોડાઉન સીલ, ટોળાંએ ઘેરી લેતાં પોલીસ બોલાવવી પડી

સુરતઃ આજે પુણા-સીતાનગરમાં હોટફિક્સ શીટના હોલસેલ સપ્લાયર રામ ઈમ્પેક્સના ગોડાઉન પર આરોગ્ય વિભાગે દરોડો પાડ્યો હતો. મનપાની ટીમે સિક્યુરિટી સાથે ગોડાઉનમાં તપાસ કરી હોટફિક્સ શીટના અંદાજે ૫૦થી ૬૦ કાર્ટન સીલ કરી મનપાની ગાડીમાં મૂક્યા હતા. જોકે, કાર્યવાહીનો વિરોધ કરવા ૨૦૦થી ૩૦૦ લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. ભારે માથાકૂટ વચ્ચે ટોળાએ મનપાની ગાડીમાંથી શીટ ભરેલા કાર્ટન બહાર કાઢી ફરી ગોડાઉનમાં મૂકી દીધા હતા. પરિસ્થિતિ વણસતી જોઈ મનપાએ પોલીસને સ્થળ પર બોલાવી હતી. ત્યારબાદ પોલીસની હાજરીમાં આરોગ્ય વિભાગે આખા ગોડાઉનને જ સીલ કરી દીધું હતું.

'હોટ ફિક્સ'નો કચરો ઘરમાં રાખીએ કે રોડ પર નાંખીએ' નોટિસ આપવા ગયેલી મનપાની ટીમનો ઘેરાવ

સુરતઃ શહેરના વરાછા-પુણા વિસ્તારમાં રહેણાક સોસાયટીઓમાં ચાલી રહેલી કોમર્શિયલ પ્રવૃત્તિઓ અને હોટ ફિક્સનાં મશીનો સામે સુરત મહાનગરપાલિકાએ કાર્યવાહી તેજ કરતાં હવે તંત્ર અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણ સર્જાવા લાગ્યું છે. પુણાની સીતાનગર સોસાયટીમાં હોટ ફિક્સ યુનિટ્સને નોટિસ આપવા પહોંચેલી મનપાની ટીમ સામે સ્થાનિકોએ ભારે હોબાળો મચાવી કામગીરી સામે જ સવાલોનો મારો ચલાવ્યો હતો. સ્થાનિક અગ્રણી બાબુભાઈ કોટડિયાએ અધિકારીઓને ઘેરતાં જણાવ્યું હતું કે, પુણા વિસ્તારમાં મોટી સંખ્યામાં પરિવારો હોટ ફિક્સના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને તેના કારણે દરરોજ મોટા પ્રમાણમાં કચરો નીકળે છે. તેમ છતાં નિયમિત કચરા કલેક્શનની વ્યવસ્થા કરવામાં આવતી નથી. સ્થાનિકોનો સવાલ હતો કે,'મનપા કચરો ઉઠાવવાની વ્યવસ્થા નહીં કરે તો કચરો ઘરમાં રાખીએ કે રોડ પર?' તેમના આક્ષેપ મુજબ ચૂંટણી પહેલાં કચરો લેવા માટે ગાડીઓ નિયમિત આવતી હતી, પરંતુ ચૂંટણી બાદ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. પરિણામે કચરો રસ્તા પર નાંખવાની સ્થિતિ ઊભી થાય છે અને રસ્તા પર ઢગલા સર્જાય છે.

અમૃતકુંભ લઈને જતાં અસુરો રોકાયા અને બન્યું તેનાનું સ્તેનેશ્વર મહાદેવ

શ્રાવણમાં મહાદેવનો મહિમા

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના તેના ગામે આવેલું પૌરાણિક સ્તેનેશ્વર મહાદેવ મંદિર વર્ષોથી શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે. સ્થાનિક લોકવાયકા મુજબ આ પવિત્ર સ્થળનો સંબંધ સમુદ્ર મંથનની કથા સાથે જોડાયેલો છે. માન્યતા છે કે સમુદ્રમંથન દરમિયાન અમૃતકુંભ લઈને જતા અસુરો આ સ્થળે રોકાયા હતા. મંદિરનું વિશેષ આકર્ષણ અહીં બિરાજમાન અનોખું ત્રિદેવ સ્વરૂપ શિવલિંગ છે. શિવલિંગમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેય દેવોના સ્વરૂપ એકસાથે બિરાજમાન હોવાનું શ્રદ્ધાળુઓ માને છે. આ અનોખા સ્વરૂપને કારણે શિવલિંગને ગુરુ દત્તાત્રેય સ્વરૂપ તરીકે પણ ઓળખવામાં આવે છે. શ્રાવણ માસ દરમિયાન અહીં વિશેષ પૂજા, અભિષેક અને દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે.

સંક્ષિપ્ત સમાચાર

૭મી પર્યુષણ વ્યાખ્યાનમાળાના બીજા દિવસે ડો. સેજલ શાહ, ઈશાન મહેતાએ વક્તવ્ય રજૂ કર્યા

સુરતઃ સુરત જૈન યુવક મહામંડળના ઉપક્રમે તથા વિરમતીબેન ફકીરચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ અને 'Better Life', 'સ્વપ્ન' ભદ્રેશ શાહ ફાઉન્ડેશનના સહયોગથી સતત સાતમા વર્ષે યોજાઈ રહેલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આજે ૭મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનાં બીજા દિવસે પ્રબુદ્ધ જીવનનાં તંત્રી, પ્રો.ડો. સેજલબેન શાહ, મુંબઈથી માનવભવની સમઝણ અને સાર્થકતા વિષય પર અને યુવા C.A. ઈશાન મહેતા, મુંબઈથી જૈન ઈતિહાસ ભવિષ્યને ઘડવાની ચાવી વિષય પર હૃદયસ્પર્શી અને માહિતીવર્ધક પ્રવચનો આપ્યા હતા. રાત્રે પહેલા ઓનલાઈન પ્રવચનમાં બોલતા મુંબઈનાં, પ્રબુદ્ધ જીવનનાં તંત્રી, પ્રો.ડો.સેજલબેન શાહે "માનવભવની સમઝણ અને સાર્થકતા" વિષય પર પ્રવચન આપ્યું. જ્યારે બીજા મુંબઈનાં યુવા C.A. ઇશાન મહેતા, જૈનીકે 3000 વર્ષનાં જૈન ઈતિહાસની વાત કરી, આશ્ચર્ય પમાડે તેવા પ્રમાણો અને પરંપરાઓ આપ્યા હતા. ત્રીજા દિવસે મંગળવારના વક્તાઓમાં વડોદરાના જાણીતા આંખના તબીબ ડો. શૈલેશભાઈ મહેતા તથા જયપુરના યુવા આધ્યાત્મિક મોટિવેટર અને અભ્યાસુ વક્તા સર્વજ્ઞ ભારિલનો સમાવેશ થાય છે. બંને પ્રવચનો રાત્રે 8:30 કલાકે યોજાશે.

ઉધનાના ભીડભંજન મહાદેવ મંદિરનો આજે સાલગીરી મહોત્સવ

સુરતઃ આવતીકાલે તા.1લી સપ્ટેમ્બરના રોજ ઉધનાના પ્રાચીન ભીડભંજન મહાદેવ મંદિરમાં સાલગીરી મહોત્સવનું આયોજન કરાયું છે. જેમાં સવારે આરતી, નવી ધર્મધજા ચઢાવવામાં આવશે, સાંજે ૨ થી ૪ કલાકે લઘુરૂદ્ર થશે. ભક્તોને લાભ લેવા માટે મંદિરના મહંત જયેશ ભટ્ટ દ્વારા જણાવાયું છે.

મહિલા વકીલોની સુરત, વડોદરા અને ગાંધીનગરથી એકસાથે મહાદેવ યાત્રા

સુરતઃ સુરત સહિત વડોદરા અને ગાંધીનગરની મહિલા વકીલો માટે શ્રાવણ માસ નિમિત્તે પ્રથમ વખત એક જ દિવસે મહાદેવ પ્રવાસ યાત્રાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. એડવોકેટ પ્રીતિ જોપીના આયોજન હેઠળ ચાર લક્ઝરી બસ મારફતે અંદાજે ૨૦૦ મહિલા વકીલોએ ધાર્મિક સ્થળોના દર્શન કરી આધ્યાત્મિક લાભ લીધો હતો. સુરતથી નીકળેલી બસે નીલકંઠ ધામ પોઇચા, ગુમાનદેવ અને કુબેર ભંડારીના દર્શન કર્યા હતા. વડોદરાથી બે બસ કાવી-કંબોઈ મહાદેવ ખાતે પહોંચી હતી, જ્યારે ગાંધીનગરથી ધોળેશ્વર મહાદેવ, પંચ મહાદેવ, મીની પાવાગઢ અને મીની અમરનાથના દર્શનનું આયોજન કરાયું હતું. વડોદરામાં એડવોકેટ નિમિષા ધોત્રે, વર્ષાબેન અને હેતલ ગજ્જરે તથા ગાંધીનગરમાં એડવોકેટ શોભના છાપીયા અને અમીતા વાઘેલાએ સંચાલન કર્યું હતું. મહિલા વકીલોમાં સંગઠનની ભાવના મજબૂત બને અને બહેનોને પ્રોત્સાહન મળે તે હેતુથી આ યાત્રા યોજાઈ હતી.

ધી સુરત ડિસ્ટ્રિક્ટ મુસ્લિમ એજ્યુકેશન સોસા. દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

સુરતઃ શિક્ષણની સાથે ક્ષેત્રે સામાજિક અને આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓમાં સતત અગ્રેસર એવી "ધી સુરત ડિસ્ટ્રિક્ટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી' સંચાલિત ફૈઝ એ. એ.ચકકીવાલા ગર્લ્સ હાઈસ્કૂલ ગુજરાતી માધ્યમમાં ૫૩૬ વિદ્યાર્થિનીઓનું આંખનું ચેકઅપ કરવામાં આવ્યું અને એંગ્લો હાઈસ્કૂલ ગુજરાતી માધ્યમમાં ૩૫૮ વિદ્યાર્થીઓનું આંખનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. પ્રમુખ એડ.ડો. નસીમ કાદરીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ આઈ કેમ્પમાં નિષ્ણાત તબીબ ડો. નિરવ શાહ તથા સ્ટેનર ડો.સલમાન કાઝી ઉપસ્થિત રહ્યાં હતા.આ પ્રસંગે હકીમચીચીવાલા ડો. પરવેઝ જમીલઅહમદ ઉપસ્થિત રહ્યા હતા.

સમર્પણ વરિષ્ઠ નાગરિક સભામાં વરસાદી ગીતો રજૂ કરાયાં

સુરતઃ રાંદેર રોડ સ્થિત સમર્પણ વરિષ્ઠ નાગરિક સભા ઈશિતા પાર્ક ખાતે મળી હતી. જેમાં વરસાદી માહોલને ધ્યાન રાખે સુર વંદિતા મ્યુઝિકલ ગ્રુપના 12 ઓ બહેનો કલાકારો દ્વારા 18 હિન્દી ફિલ્મી ગીતો મંચ પરથી રજૂ કરાયા હતા. સભાની શરૂઆત ભરત શાહે કરી, પ્રાર્થના ઉપપ્રમુખ શીલાબેન ભૂતવાલા, સ્વાગત પ્રવચન પ્રમુખ નિરંજન પારેખે કર્યું હતું. કારોબારી સભ્ય પંકજ માજરાવાળાએ સભ્યો પાસે અન્ન, હવા અને પાણીનો બગાડ ના કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. જેની વર્ષગાંઠ હતી તેમને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. જેની સેવા સહમંત્રી મનિષા કાબરાવાળાએ આપી હતી. સંચાલન વર્ષા લાપસીવાળા અને પરેશ ભાટિયાએ કર્યું હતું.

સચિન GIDCના વિકાસ માટે 100 કરોડથી વધુના પ્રોજેક્ટ મંજૂર

રોડ, પાણી, ફાયર સ્ટેશન, ડ્રેનેજ અને ઘનકચરા વ્યવસ્થાપનને પ્રાધાન્ય, વાર્ષિક સભામાં રજૂઆત

પ્રમુખ પાસે વિપક્ષી સભ્ય અને સભાસદોના પ્રશ્નોના ઉત્તર ન હતા : મહેન્દ્ર રામોલિયા

વિપક્ષના ડિરેક્ટર મહેન્દ્ર રામોલિયાએ આક્રમક રજૂઆત કરી હતી. રામોલિયાના જણાવ્યા મુજબ શાસકો દ્વારા કોઈ જ સવાલોના જવાબો અપાયા નહોતા. બીજી તરફ સોસાયટીના પ્રમુખ કિશોર પટેલે જણાવ્યું હતું કે, સોસાયટીના ડિરેક્ટર મહેન્દ્ર રામોલિયાએ વાર્ષિક સાધારણ સભાના 6 દિવસ પહેલાં સોસાયટીમાં મોકલવાના થતા કોઈ પ્રશ્ન જ મોકલ્યા ન હતા. નોટિફાઇડ તંત્રને લગતા સવાલો સોસાયટીની મિટિંગમાં રજૂ કર્યા હતા. હાલની ટીમ સરકારની ગ્રાંટ મેળવી શકી નથી, તેવો આક્ષેપ પાયાવિહોણો છે.

સુરત : સચિન ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ સોસા.ની વાર્ષિક સામાન્ય સભામાં જીઆઈડીસીના આગામી વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે અંદાજિત રૂપિયા 100 કરોડના વિવિધ પ્રોજેક્ટોને મંજૂરી આપવામાં આવી હતી.

સોસાયટીના પ્રમુખ કિશોર પટેલ અને સેક્રેટરી મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, સચિન વસાહતની તમામ પેટાગલીઓમાં 1640 સ્ટ્રીટ લાઈટ પોલ સ્થાપિત કરવાનો અંદાજિત રૂપિયા 8.30 કરોડનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. જેમાં જીઆઈડીસી દ્વારા 80 ટકા એટલે કે રૂપિયા 6.65 કરોડની ગ્રાન્ટ તથા નોટિફાઈડ ફંડમાંથી 20 ટકા એટલે કે રૂપિયા 1.65 કરોડનો ખર્ચ કરવામાં આવશે. સભામાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સુવિધા માટે જીઆઈડીસી પાસેથી નોટિફાઈડ દ્વારા જમીન ખરીદવાની કાર્યવાહીને મંજૂરી આપવામાં આવી હતી. જેનો ખર્ચ 30 કરોડ થશે. વસાહતના હાલમાં ત્રણ મીટર પહોળા આંતરિક રસ્તાઓને આઠ મીટર પહોળા બનાવવા માટે સરકારી ગ્રાન્ટમાંથી રૂપિયા 45 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. ઉપરાંત જીઆઈડીસીના મેઈન રોડ નં.3, 4, 6 અને 8ને હાલના 9 મીટરથી 22 મીટર સુધી પહોળા કરવા અંદાજિત રૂપિયા 25 કરોડનો પ્રોજેક્ટ હાથ ધરાશે.

ગેરકાયદે કોમર્શિયલ પ્રવૃત્તિઓ મુદ્દે સરથાણા ઝોન પર મહિલાઓનો મોરચો

1 વર્ષથી ફરિયાદો છતાં સિમેન્ટ ગોડાઉન, ક્લાસિસ, સ્કૂલ, ઓનલાઇન ગોડાઉન ધમધમે છે

કાળી પટ્ટી બાંધી સ્થાનિકોની રેલી, ઝોન કચેરીમાં રામધૂન-શિવધૂન બોલાવી વિરોધ

સુરતઃ વરાછા-સરથાણા વિસ્તારમાં રહેણાંક સોસાયટીઓમાં ગેરકાયદે કોમર્શિયલ પ્રવૃત્તિઓ સામે મનપા તંત્રની નિષ્ક્રિયતાથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સંત દેવીદાસ સોસાયટીના રહીશોએ કાળી પટ્ટી બાંધી રેલી કાઢી સરથાણા ઝોન કચેરીએ મોરચો માંડ્યો હતો. રહીશોએ 'સુરત મહાનગરપાલિકા જાગો', 'સોસાયટીનો અવાજ સાંભળો' અને 'અધિકારી જવાબ આપો' જેવા સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. ઝોન કચેરીમાં પહોંચ્યા બાદ રામધૂન અને શિવધૂન બોલાવી તંત્રનું ધ્યાન દોરવાનો પ્રયાસ કરાયો હતો.

સોસાયટીના સેક્રેટરી વિશાલ રાદડિયાના જણાવ્યા મુજબ, સંપૂર્ણ રહેણાંક વિસ્તારમાં છેલ્લા 12 મહિનાથી સિમેન્ટ ગોડાઉન, ક્લાસિસ, સ્કૂલ અને ઓનલાઇન ગોડાઉન જેવી કોમર્શિયલ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ અંગે કાર્યપાલક ઇજનેર ઉમંગ નાયક, કમિશનર અને મેયર સુધી રજૂઆતો છતાં પાલિકા માત્ર નોટિસ આપી સંતોષ માની રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ધારાસભ્ય કુમાર કાનાણી અને કોર્પોરેટરો દ્વારા પણ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. છતાં કાર્યવાહી નહીં થતાં રહીશોએ ચીમકી આપી છે કે ગેરકાયદે પ્રવૃત્તિઓ બંધ નહીં થાય તો આંદોલન વધુ ઉગ્ર બનાવાશે.

ફૈઝલ ફટ્ટાની ચપ્પુના ઘા ઝીંકી હત્યા

ફૈઝલ ફટ્ટા હાલમાં જ દુબઈથી સુરત આવ્યો હતો, જાણીતા ઉદ્યોગપતિની પુત્રી સાથે લગ્નને લઈ મોટો વિવાદ થયો હતો

જમીન વિવાદ અથવા પ્રેમપ્રકરણના કારણે જિલાની બ્રિજ પર હત્યા થયાની આશંકા

સુરતઃ ચોક બજાર પોલીસ મથક હદ વિસ્તારમાં આવેલા ધસ્તીપુરા જીલાની બ્રિજ પર સોમવારે રાત્રે સરેઆમ હત્યાની સન્સનાટીભરી ઘટના સામે આવી છે. ગોરાટ રોડ પર આવેલા અલ નૂર બિલ્ડિંગમાં રહેતા ફૈઝલ હસન ફટ્ટા ઉર્ફે ફૈઝલ માંજરા નામના યુવકને અજાણ્યા હુમલાખોરોએ આતરીને ચપ્પુના ઉપરાઉપરી ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. ઘટનાને પગલે સમગ્ર શહેરમાં અને ખાસ કરીને મુસ્લિમ બહુલ વિસ્તારોમાં ભારે સન્નાટો અને અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, મૃતક ફૈઝલ ફટ્ટા છેલ્લા બે વર્ષથી દુબઈ ખાતે સ્થાયી થયો હતો અને તાજેતરમાં જ સુરત આવ્યો હતો. સોમવારે રાત્રિના સમયે તે પોતાની એક્સેસ મોપેડ બાઇક લઈને જીલાની બ્રિજ પરથી પસાર થઈ રહ્યો હતો. તે જ સમયે પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે આવેલા બે જેટલા હુમલાખોરોએ તેને રસ્તામાં જ ઘેરી લીધો હતો.

હુમલાખોરોએ તીક્ષ્ણ હથિયાર વડે ફૈઝલ પર અંધાધૂંધ ચપ્પુના ઘા ઝીંકવાનું શરૂ કર્યું હતું. આ હુમલો એટલો ઘાતકી હતો કે બ્રિજની પાળી પણ લોહીલુહાણ થઈ ગઈ હતી અને રસ્તા પર લોહીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. બનાવને પગલે સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ગંભીર રીતે ઘવાયેલા ફૈઝલને સારવાર અર્થે તત્કાલ સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ ચકાસણી કરીને તેને મૃત જાહેર કર્યો હતો.

ચોક બજાર પોલીસ સ્ટેશનના પીઆઈ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે અને સ્મીમેર હોસ્પિટલ દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે ફૈઝલે ભૂતકાળમાં શહેરના એક જાણીતા ઉદ્યોગપતિની પુત્રી સાથે લગ્ન કર્યા હતા, જે બાબતે મોટો વિવાદ ઊભો થયો હતો.

આ ઉપરાંત, જમીન સંબંધિત જૂની અદાવત અથવા અંગત લફડાના કારણે આ હત્યા કરવામાં આવી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. પોલીસે ગુનો નોંધીને બ્રિજ આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવવાની તેમજ હુમલાખોરોને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમ બનાવીને વધુ તપાસ હાથ ધરી છે.

વરાછામાં 'ગ્રાઈન્ડર' એપથી હનીટ્રેપ રચી લૂંટ, ત્રણ પકડાયા

ચપ્પુ બતાવી વેપારીને લૂંટનાર 'લેમ્બો', 'મામુ' અને 'કાળીયો' જેલભેગા

સુરતઃ વરાછા વિસ્તારમાં ઓનલાઈન ગ્રે ડેટિંગ એપ્લિકેશન 'ગ્રાઈન્ડર' (Grindr) મારફતે મિત્રતા કેળવીને યુવકને મળવા બોલાવ્યા બાદ ચપ્પુની અણીએ લૂંટી લેવાના ગંભીર બનાવમાં વરાછા પોલીસે ગણતરીના કલાકોમાં જ ત્રણેય શાતિર લૂંટારુઓને ઝડપી પાડ્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ, નાના વરાછા ખાતે રહેતા સાઈટ સુપરવાઈઝરને ઘનશ્યામનગર ખાતે બોલાવી ચપ્પુની અણીએ ડરાવી, ગડદાપાટુનો માર મારી લૂંટ ચલાવવામાં આવી હતી. પોલીસે અર્ચીત ઉર્ફે લેમ્બો નાજાભાઈ સાંખટ (ઉં.વ.૨૧, રહે., ભોળાનગર, વરાછા/ મૂળ જાફરાબાદ), જયેશ ઉર્ફે મામુ દુદાભાઈ ગોહીલ (ઉં.વ.૨૩, રહે., વલ્લભી એપાર્ટમેન્ટ, ભરતનગર, વરાછા/ મૂળ ગીર સોમનાથ) અને રાજ ઉર્ફે કાળીયો પદમશીંગ કુ